
૩ બિલ્લીને આવ્યાં ચક્કર !

N7M4Y3

● સાંભળો અને ગાઓ.



એક બિલાડી જાડી,

તેણે પહેરી સાડી.

સાડી પહેરી ફરવા ગઈ,

તળાવમાં તે તરવા ગઈ.

તળાવમાં તો મગર,

બિલ્લીને આવ્યાં ચક્કર,

સાડી છેડો છૂટી ગયો

મગરના મોંમાં આવી ગયો.

મગર બિલ્લીને ખાઈ ગયો.

• વાતચીત :

૧. તમને બિલાડી ગમે ? કેમ ?

૨. બિલાડીનો અવાજ કાઢો.

૩. ગીતના કયા કયા શબ્દો સાંભળવાની તમને મજા પડી ?

૪. મગર અને બિલાડીમાંથી તમને કોણ વધુ ગમે ? કેમ ?

૫. તમે બિલાડી કે મગરની કોઈ વાર્તા સાંભળી છે ? કઈ ?

૧. ગીતમાં આવ્યું હોય તો મ્યાઉં... મ્યાઉં... બોલો. ન આવ્યું હોય તો જાઉં... જાઉં કરો.






૨. ગીતની પંક્તિમાં ખૂટતો શબ્દ બોલો.

૧. એક બિલાડી.....

૨. તેણે પહેરી.....

૩. તળાવમાં તે..... ગઈ.

૪. બિલ્લીને આવ્યાં.....

૫. તળાવમાં તો.....

૩. જોડકાં જોડો.

અ	બ
સાડી પહેરી	તરવા ગઈ.
તળાવમાં	ફરવા ગઈ.
સાડીનો છેડો	તેણે પહેરી સાડી.
એક બિલાડી જાડી	મગરના મોંમાં.

૪. ચિત્રને આધારે જવાબ કહો.



૧. કુલ કેટલાં છોકરાં છે ?

૨. છોકરીઓ કેટલી છે ?

૩. કેટલા છોકરા ઊભા છે ?

૪. ચિત્રમાં શું શું છે ?

૫. ઊભેલા છોકરા શું કહેતા હશે ?

૬. ચિત્રમાં છોકરાં શું રમતાં હશે ?

એ... લાકડી છૂટી !

એક તળાવ હતું. તળાવમાં એક કાચબો રહે. તેને બોલ-બોલ કરવાની ટેવ. કોઈ ન મળે તો એકલો-એકલો પણ બોલ્યા કરે. એકવાર માનસરોવરના બે હંસો તળાવ પાસે આવ્યા. એમને તો પાણીથી ભરેલું છલોછલ તળાવ ગમી ગયું. એ તો તળાવકાંઠે જ રહી ગયા. પેલા લપલપિયા કાચબાને તો હંસો સાથે ભાઈબંધી થઈ ગઈ. કાચબો હંસો સાથે ફરવા જાય, તરવા જાય. કાચબો વાતો કહ્યા કરે, હંસો વાતો સાંભળ્યા કરે.

ઉનાળો આવ્યો એટલે હંસો માનસરોવર જવા તૈયાર થયા. કાચબાને માનસરોવર જોવાનું મન થઈ ગયું. એણે તો ભાઈબંધ હંસોને કહ્યું ''મારે આવવું છે, મારે માનસરોવર જોવું છે !'' હંસો કહે : ''પણ, અમે તને કેમ કરીને લઈ જઈએ ? તને ઊડતાં તો આવડતું નથી !''

કાચબો કહે : ''કોઈ ઉપાય કરીને પણ મને લઈ જાઓ ! હવે તો આપણે ભાઈબંધો કહેવાઈએ !''

હંસોએ એક ઉપાય કર્યો. એ તો એક લાકડી લઈ આવ્યા. લાકડીને બે છેડેથી ચાંચ વડે પકડી. કાચબાને મોઢા વડે વચ્ચેથી લાકડી પકડાવી. સાથે-સાથે એમણે શરત કરી. કાચબાને કહ્યું કે, ''તારે બોલ-બોલ કરવાની ટેવને ભૂલવી પડશે. ખબરદાર જો મોઢું ખોલ્યું છે તો !''



માનસરોવર જોવાની લાલચને લીધે કાચબાએ શરત કબૂલ રાખી.

હંસો તો ભાઈ ચાંચમાં લાકડી પકડીને ઊડ્યા. સાથે કાચબાભાઈ પણ ! રસ્તામાં મોટાં-મોટાં જંગલો, મોટાં-મોટાં સરોવરો ને મોટા-મોટા પહાડો આવ્યાં. મોટી-મોટી નદીઓ પણ આવી. રસ્તામાં એક ગામ પણ આવ્યું. ગામલોકોએ ઊંચે નજર કરી. કાચબાભાઈને ઊડતા જોઈ સહુ હસવા લાગ્યા. કાચબાભાઈની નજર પડી. એમણે થયું, ગામલોકોને કંઈક સંભળાવું ! પણ, જેવા કંઈક બોલવા ગયા એવી જ લાકડી છૂટી ગઈ અને કાચબાભાઈ જમીન પર પડ્યા.

● **વાતચીત :**

૧. તમે ઊડી શકો ? કેમ ?

૨. કોણ કોણ ઊડી શકે ? નામ કહો.

૩. પાણીમાં કોણ કોણ રહે છે ?

૪. તમે કાચબાની બીજી કોઈ વાર્તા સાંભળી છે ? કઈ ?

૫. હોઠ ખોલ્યા વગર કાચબો, હંસ અને લાકડી બોલો.

૫. વાર્તામાં આવેલા શબ્દની બાજુમાં ✓ અને ન આવેલા શબ્દની બાજુમાં ✗ કરો.

સરોવર : ✓ કાગડો : ✗ શરત ..... છલોછલ .....

ખબરદાર ..... કાદવ ..... જંગલ .....

૬. હંસ બોલ્યો હોય તે વાક્ય સામેના ☐ માં ૧ લખો.

કાચબો બોલ્યો હોય તે વાક્ય સામેના ☐ માં ૨ લખો.

☐ ''મારે માનસરોવર જોવું છે !''


☐ ''તને ઊડતાં તો આવડતું નથી !''


☐ ''હવે તો આપણે ભાઈબંધો કહેવાઈએ !''


☐ ''ખબરદાર ! જો મોઢું ખોલ્યું છે તો !''


☐ ''તારે બોલ-બોલ કરવાની ટેવને ભૂલવી પડશે !''


૭. ટપકાં જોડી મૂળાક્ષર પૂર્ણ કરો.














૭. ઉદાહરણ મુજબ લખો.

ગા	મા	ના	જા				
ગે	મે	ને	જે				
વા	રા	સા	દા				
વે	રે	સે	દે				
ક	બ	અ	છ				
કા	બા	આ	છા				
કે	બે	એ	છે				
ક	બ	અ	છ				
કા	બા	આ	છા				
કે	બે	એ	છે				

૮. ઉદાહરણ મુજબ લખો.

ન	ના	ને			
મ	મા	મે			
ગ	ગા	ગે			
જ	જા	જે			
વ	વા	વે			
ર	રા	વે			
સ	સા	સે			
દ	દા	દે			
ક	કા	કે			
બ	બા	બે			
અ	આ	એ			
છ	છા	છે			

‘છ’ શોધી / કરો. ક બ અ છ બ અ છ ક અ છ બ ક છ ક બ અ (આઠત્રીસ)


૯. ચિત્ર સાથે શબ્દ જોડો.











૧

એક

આગબોટ


છત્રી

કાબર

બરણી

અનનાસ

૧૦. ઉદાહરણ મુજબ ક, બ, અ, છ ઓળખો, ◯ કરો અને ગણો.



ઉદાહરણ :

વ	ક	બ	અ	છ
૩				

૧૧. વર્તુળમાં રહેલો મૂળાક્ષર શોધી તેના ફરતે ◯ કરો. તે અક્ષર આવતો હોય તેવા બે શબ્દ બૉક્સમાંથી શોધી લખો.

આગ, કમર, બસ, છગન, અવાજ, એક

ક → (ક)લમ, (ક)ન(ક), ચમ(ક) — કમર, એક

બ → બજાર, અજબ, અકબર

અ → અચલા, (અ)છત, અનાજ

છ → અછબડા, છત, અછત

આ → આકાર, આપણે, આવજે

એ → એરણ, એકતા, એકનાથ

૧૨. વાંચો અને સમાન શબ્દોને જોડો.

એરણ	આગબોટ	છત્રી	કમળ	બરણી	અનનાસ


છત્રી	એરણ	કમળ	આગબોટ	અનનાસ	બરણી

૧૩. નમૂના મુજબ ‘ ે ’ વાળા (એક માત્રાવાળા) અક્ષરને ફરતે ☐ દોરો.

બેસ નૈયા મને ગાય વાસ દાદો કેમ

વેર બેન રાજા રેણ દેવા જમો જમે

૧૪. જોડો અને રંગ પૂરો.



૧૫. વાક્યને ચિત્ર સાથે જોડો.

આ કાન છે.

આ મકાન છે.

આ કાબર છે.

આ વાનર છે.

આ બસ છે.

આ અનનાસ છે.













૧૬. નીચેનાં ચિત્રો જોઈ શબ્દ લખો.









૧૨



૧૭. રમત

વિદ્યાર્થીઓને જોડીમાં બેસાડો. તેમને એકબીજાની પીઠ પાછળ આંગળીથી ‘ક’, ‘બ’, ‘અ’, ‘છ’ અક્ષર લખવા / ઓળખવા કહો.